ગ્રામ પંચાયત વિસ્તારોમાં ગેસ પાઈપલાઈન નાખવા અંગે રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડું નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક – પરચ/૧૦૨૦૧૪/૧૭૮૨/(પા.ફા-૧)/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૫/૨૦૧૯

**વંચાણે લીધા –**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક – નપલ/૧૦૦૭/૨૦૨૫/મ, તા.૨૫/૦૪/૨૦૦૮.

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક – વિક/પંચાયત/યુ.૧/વશી/૦૧/૨૦૧૫, તા.૦૧/૦૧/૨૦૧૫.

**પ્રસ્તાવના–**

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૯૯ (અનુસૂચિ-૧) હેઠળ પંચાયતની હદમાં ગ્રામ પંચાયતે સાર્વજનિક રસ્તાઓ બાંધવાની અને નિભાવવાની જોગવાઈ થયેલ છે. આમ, આ સાર્વજનિક રસ્તાઓના બાંધકામ, મરામત અને નિભાવણીએ પણ ગ્રામ પંચાયતોની પ્રાથમિક ફરજ છે. વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે ગ્રામ પંચાયતની હદમાં પાઈપ મારફતે કુદરતી ગેસ વિતરણ નેટવર્ક સ્થાપવા ઈચ્છતી કંપનીઓને ગ્રામ પંચાયતના રસ્તાઓમાં ખોદકામ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. ડામર રોડ સિવાયના રસ્તાઓ જેવા કે કાચા રસ્તાઓ, ફૂટપાથ વિગેરેમાં પણ ખોદકામ કરીને ગેસની પાઈપલાઈન નાખવામાં આવતી હોય છે. જે તે કંપનીઓ દ્વારા આવી પાઈપલાઈન નાખ્યા બાદ આવા રસ્તાઓ સમારકામ કરીને યથાસ્થિતિમાં લાવવા જરૂરી છે. જે ધ્યાને લેતાં આ અંગેનો જે ખર્ચ થાય તે ખર્ચ સરભર કરવા ગ્રામ પંચાયતોએ આવી કંપનીઓ પાસેથી રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડુ લેવાની જરૂરિયાત રહે છે. આ અંગે રાજ્યની ગ્રામ પંચાયતો અને એજન્સીઓ વચ્ચે રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડા બાબતે વિવાદ ઉભો થવાના કિસ્સા ન બને તે માટે રાજયની ગ્રામ પંચાયતોના વિસ્તારમાં ગેસની પાઈપલાઈન નાખવા માટેના વિવિધ દરો નક્કી કરવા અંગેની નીતિ તૈયાર કરવાની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ બાબતે ઉક્ત વંચાણે લીધા ક્રમ-(૨) પરની વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરની દરખાસ્ત અન્વયે રાજ્યની ગ્રામ પંચાયતો અને એજન્સીઓ વચ્ચે રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડા અંગેના દર નક્કી કરવા માટે નીચે મુજબની નીતિ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ –**

(૧) આ નીતિને **"ગ્રામ પંચાયત વિસ્તારોમાં ગેસ પાઈપલાઈન નાખવા માટે રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડા અંગેની નીતિ"** કહેવામાં આવશે.

(૨) આ નીતિ ગુજરાત રાજયની તમામ ગ્રામ પંચાયતોને લાગુ પડશે અને તે ઠરાવ બહાર પડયાની તારીખથી અમલમાં આવશે.

(૩) ***ગેસ પાઈપ લાઈન નાખવા બાબતે વનટાઈમ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડું અને સિક્યુરીટી ડીપોઝીટ નીચે મુજબ રહેશે:***

| ગ્રામ પંચાયત વિસ્તારો માટે | | |
|---|---|---|
| ચાર્જની વિગત | રસ્તાનો પ્રકાર | ગ્રામ પંચાયતો માટે દર (દર પ્રતિ રર્નીંગ મીટર) |
| વનટાઈમ રીસ્ટોરેશન ચાર્જ | આરફાલ્ટ રોડ | ૫૦૦ |
| | ડબલ્યુ.બી.એમ.રોડ | ૩૫૦ |
| | અર્થ રોડ (કાચો રોડ) | ૫૦ |
| | ફૂટપાથ | ૮૯૦ |
| | સી.સી.રોડ | ૯૦૦ |
| વાર્ષિક ભાડું (પ્રતિ રર્નીંગ મીટર) | દરેક રસ્તા માટે | ૨૦ |
| | રસ્તાના ક્રોસીંગ માટે | ૫૦ |
| સિક્યુરીટી ડીપોઝીટ પેટે બેંક ગેરંટી (ખરેખર નુકસાન સામે સરભર કરવાની રહેશે.) | -- | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા |

(૪) ગેસ પાઈપ લાઈન નાખવા માટે ગ્રામ પંચાયતે પરવાનગી આપતી વખતે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે:

(૧) પેરા (૩) મુજબ બેંક ગેરંટી જે તે એજન્સીએ ગ્રામ પંચાયતને આપવાની રહેશે. જે તે એજન્સીએ તેઓની કામગીરીના ભાગરૂપે ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં જે રસ્તા ઉપર ખોદકામ કરેલ હોય તે રસ્તાને અને સિકયુરીટી ડીપોઝીટની રકમમાંથી ગ્રામ પંચાયતની સેવાઓ જેવી કે, પાણીની લાઈન, ગટરની લાઈન, વિજળી તાર વિગેરેને કાંઈપણ નુકસાન થાય તે ગ્રામ પંચાયતની દેખરેખ હેઠળ મુળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરી પરિપૂર્ણ કરવાની રહેશે અને આવી કામગીરી કર્યા બાદ તે પછીના એક ચોમાસા સુધી એજન્સીએ તેની મરામત કરવાની રહેશે. ત્યારબાદ ગ્રામ પંચાયતે આવી બેંક ગેરંટી છુટી કરવાની રહેશે.

(૨) પેરા (૩)માં દર્શાવેલ સિક્યુરીટી ડીપોઝીટ પેટે અંદાજીત ખર્ચના ૫૦ ટકા રકમ બેંક ગેરંટી પેટે લેવાની રહેશે. જે ખોદકામથી ગ્રામ પંચાયતની મિલકતને થયેલ ખરેખર નુકસાન સામે સરભર કરવાની રહેશે.

(૩) પેરા (૩)માં દર્શાવેલ વાર્ષિક ભાડું ગ્રામ પંચાયતમાં ભરવાનું રહેશે તેમજ ઉપર્યુકત દરમાં દર ત્રણ વર્ષે ઉત્તરોત્તર ૧૦ ટકા વધારો આપોઆપ ગણવાનો રહેશે.

(૪) જે તે કંપની દ્વારા કેટલી પણ વાર ખોદકામ કરવામાં આવે ત્યારે દરેક સમયે ખોદકામ દરમ્યાન પાણીની લાઇન, ડ્રેનેજની લાઇન, ટેલીફોન લાઇનને નુકસાન ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. કોઇ સંજોગોમાં નુકસાન થાય તો યથાવત પરિસ્થિતિ કરી આપવાની રહેશે અને રસ્તાને પુનઃસ્થાપિત કરવાનો રહેશે. એજન્સી દ્વારા તેમ કરવામાં ચૂક થશે તો બેંક ગેરંટીમાંથી તેની વસુલાત કરવાની રહેશે.

(૫) મુખ્ય રસ્તા પર ટ્રાફીકને અડચણ ન થાય તે રીતે તબક્કાવાર ખોદાણની કામગીરી કરવાની રહેશે.

(૬) રેલવે વિભાગ, જાહેર બાંધકામ વિભાગ, ટેલીફોન વિભાગ કે અન્ય સરકારી કચેરીઓમાંથી ગેસ પાઇપ લાઇન નાખવાની કામગીરી અંગેની જરૂરી પરવાનગી મેળવવાની જવાબદારી જે તે કંપનીની રહેશે. ગ્રામ પંચાયત જરૂર પડ્યે આ કામગીરી ઝડપી બનાવવા મદદ કરશે.

(૭) થયેલ કામગીરીનું વ્યવસ્થિત પુરાણ કરી, વોટરીંગ કરી વધારાની માટીનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો રહેશે.

(૮) ખોદકામ દરમ્યાન આસપાસની કોઇ મિલકતને નુકસાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

(૯) ખોદકામ દરમ્યાન યોગ્ય બોર્ડ મુકી તથા આડ મુકી અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.

(૧૦) કામગીરી શરૂ કરતાં પહેલાં ટ્રાફીક બાબતે પોલીસ ખાતાની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે તથા જે તે વિસ્તારમાં કામગીરી શરૂ કરતાં પેહલાં ગ્રામ પંચાયતમાં તેની જાણ કરવાની રહેશે.

(૧૧) મુખ્ય રસ્તાના ક્રોસિંગ હોય તો શક્ય હોય ત્યાં ઓપનકટ નહી કરતાં બોરીંગ કરીને કામ કરવાને પ્રાથમિકતા આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૮/૩/૨૦૧૯ અને સરકારશ્રીની તા.૧૩/૩/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એસ.પટણી)
સેક્શન અધિકારી
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

પ્રતિ,

- પરમ સમ્માનનીય, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડિરેક્ટર/સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર, જીએસપીસી, જીએસપીસી ભવન, ઉદ્યોગ ભવનની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ. *(વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફત.....)*
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. *(વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફત.....)*
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ. *(સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત.....)*
- સરપંચશ્રીઓ / તલાટી-કમ-મંત્રીશ્રીઓ, રાજ્યની તમામ ગ્રામ પંચાયતો. *(સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ મારફત.....)*
- સિલેક્ટ ફાઈલ.